

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે શ્રી પી એમ કોઠારી હાઈસ્કુલ ખાતે ૭૨માં પર્વ સ્વાતંત્ર્ય પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળામાંથી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા પ્રાથમિક વિભાગનાં શિક્ષિકા શ્રીમતી અનુબેન પટેલ તથા નિવૃત્ત થતાં શાળાના હેડ ક્લાર્ક મનોહરભાઈ ડામોરના હસ્તે ત્રિરંગો લહેરાવીને પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેરમેન પ્રહલાદસિંહ ચંપાવત(ટોમબાપુ), માનદમંત્રી સલીમભાઈ બાકરોલીયા, ખજાનચી વિષ્ણુભાઈ મુખી સહિતના હોદ્દેદારો, કારોબારી સભ્યો, આચાર્ય વિજયભાઈ ભટ્ટ, સુ.વા.બીપીનભાઈ શાહ, શાળા સંકુલના તમામ કર્મચારી ભાઈબહેનો, શાળાનાં છાત્રો તેમજ ગ્રામજનો-નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## બનાસકાંઠા જિલ્લા પંચાયત મહિલા પ્રમુખે સ્વાતંત્ર્ય પર્વ પર પોતાના ઉદબોધનમાં ભાંગરો વાટયો...

દેશભરમાં સ્વાતંત્ર્યપર્વની આન, બાન, શાન સાથે ત્રિરંગાને સલામી સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લા મથક પાલનપુર ખાતે આવેલ જીલ્લા પંચાયત ખાતે પ્રમુખ પીનાબેન ઠાકોરના



હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જોકે ૧૫ ઓગસ્ટનો સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના પ્રાસંગીક પ્રવચનમાં જીલ્લા પંચાયતના પ્રમુખ પીનાબેન ઠાકોરે ભાંગરો વાટ્યો હતો. પોતાના પ્રવચનમાં સ્વાતંત્ર્ય પર્વને બદલે એક નહીં પણ ત્રણ - ત્રણ વખત પ્રજાસતાક દિવસની શુભકામનાઓ પાઠવી હતી. નવાઈની વાત એ પણ છે કે જીલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર પોતાના પ્રવચનમાં પ્રજાસત્તાકદિનનો ઉલ્લેખ કર્યા બાદ એકવાર પણ સ્વાતંત્ર્ય દિવસ પોતાના ભાષણમાં બોલ્યા નથી. જેમને માથે જીલ્લા પંચાયતની ગ્રામ્ય વિસ્તારના વિકાસની જવાબદારી છે તેવા જીલ્લા પંચાયતના પ્રમુખને પ્રજાસતાક દિન અને સ્વાતંત્ર્યદિનની પણ પૂરતી ખબર નથી તે સાંભળી ઉપસ્થિત સૌ કોઈ અચરજમાં મુકાયા હતા.

## ભિલોડા તાલુકામાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર, આનંદ, ઉત્સાહભેર ઉજવણીના વિવિધ કાર્યક્રમો ઠેર-ઠેર યોજાયા હતા. વહેલી સવારથી દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજતુ હતું. ભિલોડા તાલુકા કક્ષાનો ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો કાર્યક્રમ દહેગામડા ગ્રૃપ હાઈસ્કુલ પટ્ટાંગણમાં યોજાયો હતો. મામલતદાર, ટી.ડી.ઓ., પી.એસ.આઈ., નાયબ મામલતદારો, વહીવટી તંત્રના અધિકારીઓ, રાજકીય, સહકારી આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય ધુનની શુરાવલી વચ્ચે આન, બાન, શાન સાથે રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી હતી.

## ધાખાની પ્રાથમિક શાળા નં. ૨માં સ્વતંત્ર દિવસની ઉત્સાહ સાથે ઉજવણી

ધાનેરા તાલુકા ના ધાખા ગામે આવેલી પ્રાથમિક શાળા ન ૨ માં આઝાદી ના પર્વ ની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી જ્યાં બાળકો સાથે વાલીઓએ પણ ભેગા મળી તિરંગા ને સલામી આપી હતી આજે સમગ્ર દેશ માં આઝાદના પર્વ ની ઉત્સાહ ભેર ઉજવણી થઈ રહી છે ત્યારે વીવોઘ શાળા કોલેજો માં પણ આ પર્વ ની ઉજવણી થઈ રહી છે અને વિધાર્થીઓને દેશ આઝાદી ની માહિતી આપવામાં આવી રહી છે ત્યારે આજે ધાનેરા તાલુકા ના ધાખા ગામ ની પ્રાથમિક શાળા ન ૨ માં પણ સ્વતંત્ર દિવસ ની ઉજવણી કરવાં આવી હતી જેમાં ધ્વજ વંદન કરી તિરંગા ને સલામી આપી હતી અને તે બાદ બાળકો સહીત લોકોને આઝાદી થી વાકેફ કરવામાં આવ્યા હતા.

### જીવી વાઘેલા કોલેજ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

દિયોદરના વખા ખાતે આવેલી જી વી વાઘેલા આટ્ર્સ,કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે ૭૨માં સ્વતંત્રતા પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.કોલેજ કેમ્પસમાં સાયન્સ કોલેજના આચાર્ય પીયુષ રાણા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના



આચાર્ય ડૉ.એચ.વી.ગૌસ્વામીએ સ્વતંત્રતા પર્વને અનુરૂપ વક્તવ્ય આપતા ભારતે ૭૨ વર્ષમાં મેળવેલી વિશિષ્ટ સિદ્ધિઓ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.પ્રોફેસર બી.એમ.વાઘેલાએ આર્યભૂમિ પર થયેલા આક્રમણો અને અંગ્રેજો પાસેથી મેળવેલી મહામૂલી આઝાદી વિશે ઉમદા વક્તવ્ય રજૂ કર્યુ હતું.

## અરવલ્લી જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની માલપુર તાલુકાના પી. જી. મહેતા હાઈસ્કૂલ ખાતે ઉમંગભેર ઉજવણી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં માલપુર તાલુકાના પી.જી. મહેતા હાઈસ્કૂલ ખાતે અરવલ્લી જિલ્લાકક્ષાના ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ઉમંગ-ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

૧૫મી ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લાના કલેકટર એમ.



નાગરાજનના હસ્તે ધ્વજવંદન કરી તિરંગો લહેરાવીને કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લાના અન્ય પદાધિકારીઓ, તાલુકાના કાર્યકરો અને ડીડીઓ, જિલ્લા પોલીસ અધિકારી સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જિલ્લા કલેકટર નાગરાજને આઝાદીના આપણા શહીદ વીરજવાનોને યાદ કરી તેમના બલિદાનોને બિરદાવ્યા હતા.

પરેડ યોજાયા બાદ સ્વાતંત્ર્ય સેનાનીઓના સન્માન, વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં દરમિયાન દેશની આઝાદીની ચળવળમાં ભાગ લેનાર સ્વાતંત્ર્ય સેનાની સ્વ.રામશંકાર ઉપાધ્યાય વતી પરિવારના હયાત મોભી લીલાવતીબેન પંડ્યાનું અરવલ્લી જિલ્લા કલેક્ટર એમ. નગરાજન, જિલ્લા વિકાસ અધિકારી હર્ષિત ગોસાવી અને જિલ્લા પોલીસ વડા મયુર પાટીલે કર્યું હતું. લીલાવતીબા પ્રત્યે ભારે નમ્રતાભાવે નમન કરી તેમનું સન્માન કર્યુ તે વેળાએ અધોકારીઓની સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યે આદરભાવની લાગણી ઝાંખી થકી ઉપસ્થિત સૌ પ્રભાવિત થયા હતા અને જિલ્લા કલેકટર સહિત સૌ અધિકારીઓ માટે અહોભાવ પ્રગટી ઉઠ્યો હતો.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીયકક્ષાએ તેમજ જિલ્લાકક્ષાએ પ્રથમ આવનાર વિજેતાઓને પ્રમાણપત્રો ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.



### ધાનેરામાં સ્વતંત્ર દિવસની ઉત્સાહભેર ઉજવણી

આજે સમગ્ર દેશ માં ખુબજ ઉત્સાહ સાથે સ્વતંત્ર દિવસ ની ઉજવણી થઈ રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પણ સ્વતંત્ર દિવસ ની ઉજવણી કરવામાં આવી જેમાં શહેર કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ ધાનેરા મિશ્ર શાળા ન ૧ માં રાખવામાં આવ્યો હતો જ્યાં નગરપાલિકા ના પ્રમુખ ધ્વરા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું તો બીજી તરફ ધાનેરા તાલુકા કક્ષાનો કાર્યક્રમ ધાનેરા તાલુકા ના માલોત્રા ગામે રાખવામાં આવ્યો હતો જ્યાં ધાનેરા મામલતદાર ખરાડી ધ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

### સ્વાતંત્રપર્વ દરમિયાન સ્વાતંત્ર્ય સેનાની પરિવારના સન્માન વેળાએ

## કલેકટર સહિતના આધિકારીઓની નમ્રતા સૌ નગરજનોને સ્પર્શી ગઈ

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લાના સ્વાતંત્રપર્વની ઉજવણી દરમિયાન સ્વાતંત્ર્યસેનાની અને તેમના




પરિવારના સન્માનવેળાએ કલેકટર સહિતના અધિકારીઓની નમ્રતા ઉપસ્થિત સૌને સ્પર્શી ગઈ હતી.

આઝાદીના આ ૭૨માં પર્વની અરવલ્લી જિલ્લાકક્ષાની ઉજવણી માલપુર ખાતે ભારે ઉમંગભેર જિલ્લા કલેકટર એમ.નગરાજનના વરદ હસ્તે ધ્વજવંદન કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે આઝાદી સંગ્રામ દરમિયાન ભાગ લેનાર સ્વાતંત્ર્ય સેનાનીઓનું શાલ ઓઢાડી સન્માનનો કાર્યક્રમ યોજાતા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓનો સ્વતંત્રરય સેનાનીઓ પ્રત્યેના આદર સ્વરૂપના દર્શન થયા હતા.

માલપુરના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. રામશંકાર ઉપાધ્યાયના પરિવારના લીલાવતીબેન પંડ્યાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.જેમાં કલેકટર સહિત અધિકારીઓની નમ્રતા, વિવેક અને સેનાનીઓ, વડીલો પ્રત્યેની ઉમદા ભાવનાનાં દર્શન થયા હતા.

અરવલ્લી જિલ્લા કલેક્ટર નગરાજન, જિલ્લા વિકાસ અધિકારી હર્ષિત ગોસાવી અને જિલ્લા પોલીસ વડા મયુર પાટીલએ લીલાવતીબેન પડયાના ચરણ વંદન કરી તેમનું સન્માન કર્યુ તે વેળાએ ઉપસ્થિત સૌને આ આધિકારીઓની સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના પરિવાર પ્રત્યેના આદરભાવ માટે ખૂબ જ માન ઉપજયું હતું. સલામ છે આવા પારિવારિક ભાવનાસભર અધિકારીશ્રીઓ ને.

## મોડાસામાં સ્વાતંત્ર્ય પર્વની આન બાન શાનથી ઉજવણી

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સમગ્ર દેશમાં અને દેશ બહાર વસતા ભારતીયો રંગે ચંગે ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સ્વાતંત્ર્ય પર્વ નીમીત્તે સમગ્ર શહેર રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. શહેરના રહેણાંક વિસ્તારો અને શૈક્ષણિક સંસ્થાઓમાં દેશભક્તિના ગીતો ગુંજી ઉઠતા. ૭૨માં સ્વાતંત્ર્ય પર્વનો અલભ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાતા ધંધા રોજગારના સ્થળે રહેણાંક વિસ્તારોમાં બાળકો અને મોટેરાના હાથોમાં ધ્વજ લઈ ફરતા નજરે પડતા હતા. વાહનચાલકો પણ રાષ્ટ્રધ્વજ વાહનોમાં યોગ્ય સ્થળે લગાવી ઠેર ઠેર પસાર થતા નજરે પડતા હતા. મોડાસાના આસમાને કેસરી, સફેદ અને લીલા રંગના ગુબ્બારાથી ભારતીય રાષ્ટ્રધ્વજનો નજારો સર્જાયો હતો.



સ્વાતંત્ર પર્વના પવિત્ર દિવસે મહેસાણા શહેરના સ્થાપક શ્રી મેસાજી ચાવડાની પ્રતિમાનું અનાવરણ રૂ ૭.૫૩ લાખના ખર્ચે નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુંભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.નાયબ મુખ્યમંત્રીશ્રી તોરણવાળી માતાના દર્શન કરી આશિર્વાદ મેળવ્યા હતા. આ ઉપરાંત શ્રી રામ સેવા સમિતિ દ્વારા ભારત માતાના પૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભારત માતાનું પૂજન કર્યું હતું. મહેસાણા શહેરના સ્થાપક શ્રી મેસાજી ચાવડાની પ્રતિમા અનાવરણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા શહેરની મધ્યમાં છેલ્?લા ૬૫૦ કરતાં વધુ વર્ષથી એક અખંડ જયોત જલતી રહી છે. આ જયોત મહેસાણા શહેરની સ્થાપનાની એક માત્ર સાક્ષી છે. વનરાજ ચાવડાના વંશજ રાજપૂત કુળના મેસાજી ચાવડાએ વિક્રમ સંવત ૧૪૧૪ ના ભાદરવા સુદ-દશમ (ઈ.સ.૧૩૫૮) ના રોજ માતાજીની સ્થાપના કરીને શહેર વસાવ્યાની પ્રથમ ઈંટ અહીં મૂકવામાં આવી. મેસાજી ચાવડાએ ગામ વસાવ્યું હોવાથી 'મેસાણા', 'મહેસાણા' તરીકે તે જાણીતું બન્યુ. તેમના નામ પરથી જ મેસાણા (મહેસાણા) નામ પડ્યું છે. આપણા માટે એ ગૌરવની વાત છે કે આપણે મેસાજી ચાવડાએ સ્થાપેલા નગરમાં વસીએ છીએ. કાર્યક્રમમાં અગ્રણી હિમાન્શુભાઈ પટેલ સહિત ક્ષત્રિય સમાજના અગ્રણીઓ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં મહિલા સફાઈ કામદારોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ ઘનશ્યામભાઈ સોલંકી, ઉપપ્રમુખ, નગરસેવકો, સરકારી વકીલ ચંદનસિંહ રાજપૂત, ક્ષત્રિય સમાજના અગ્રણીઓ, હોદ્દેદારશ્રીઓ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના સીતવાડા ખાતે તાલુકા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા ખાતે ૧૫ મી ઓગસ્ટ ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ મામલતદાર દ્વારા તાલુકાકક્ષાનું ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.



સીતવાડા ખાતે ૧૫મી ઓગસ્ટ તાલુકાકક્ષાનો ૭૨મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણી દ્વારા તાલુકા કક્ષાનું ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ સહિત તાલુકામાંથી ઉપસ્થિત વિવિધ સ્કુલના કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે પૂર્વ જીલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા પ્રમુખ બહેચરસિંહ રાઠોડ, તાલુકા શિક્ષણાઅધિકારી ટી.કે. વાઘેલા, સરપંચ સહિત રાજકીય આગેવાનો અગ્રણીઓ સહિત ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહીને ત્રિરંગાને સલામી આપી હતી. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા નાની ભાગોળ સરદાર ચોક ખાતે નગર પાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં નગરપાલિકા કોર્પોરેટરો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ કોર્ટ સંકુલખાતે પણ ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ જજ એ.એમ. વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં બન્ને બાર એસોસિયેશન પ્રમુખ તથા સભ્યો સહિત ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ ટોલનાકા ખાતે પણ ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ટોલ સંચાલક જીતેન્દ્રસિંહ દ્વારા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું, જેમાં ટોલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાંકરેજ તાલુકાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ રાનેર ખાતે કરવામાં આવ્યો

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજ તાલુકામાં ૭૨મા સ્વાતંત્ર દિવસની શાનદાર ઉજવણીમાં કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.

કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી, શિહોરી પીએસઆઈ સોલંકી, શિહોરી પીએસઆઈ જાડેજા તેમજ ભાજપના પ્રમુખ ડાયાભાઈ પીલિયાતર અને રાનેર સરપંચ મેતુભા જાદવ સહિત અનેક આગેવાનો અને શિક્ષણમાં હાઈસ્કુલ અને પ્રાથમિક શાળાના શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત કાંકરેજ મામલતદાર દ્વારા રાનેર હાઈસ્કુલને શિલ્ડ તથા પ્રમાણ આપવામાં આવ્યું હતું જેમાં બનાસકાંઠા જિલ્લા બાંધકામ સમિતિ ચેરમેન ગોપાલસિંહ સોલંકી અને તાલુકા પંચાયતના પ્રમુખ વર્ધિલાલ મકવાણા હાજર રહ્યા હતા. જયારે સ્વાગત ગીત,



ગરબા સાથે દેશભક્તિના ગીતો સાથે સમગ્ર વાર્તાવરણ દેશ ભક્તિના રંગે તરબોળ થઈ જવા પામ્યું હતું તેમજ રાનેર હાઈસ્કૂલને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂપિયા પાંચ લાખની જાહેરાત કરી હતી.

રાનેર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન અને મંત્રીએ હાઈસ્કૂલમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂપિયા એસી હજારનો ચેક આપવાની જાહેરાત કરવામાં આવી હતી અને દાતાઓ દ્વારા કરવામાં દાનની સરવણી ચાલુ રહેવા પામી હતી. સ્કૂલની બાળાઓ દ્વારા સ્વાગતગીત અને ગરબા યોજાયા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર બહેનોને દાતાઓ દ્વારા બક્ષીસ આપવામાં આવી હતી.

### મોડાસા શહેરના સાંઈ મંદિર અને બાલકનાથજી મંદિરમાં સ્વાતંત્ર્ય પર્વનો રંગ

સ્વાતંત્ર્ય દિન રાષ્ટ્ર પર્વની સમગ્ર દેશમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લાના અબાલ, વૃદ્ધ સૌ કોઈ દેશ ભક્તિના રંગે રંગાયા હતા ત્યારે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા જાણીતા સાંઈ મંદિરમાં સાંઈબાબાને ત્રિરંગાના વાઘા પહેરાવાતા મંદિર પરિસરમાં સ્વાતંત્ર્ય દિનનો રંગ છવાયો હતો. ત્રિરંગા સ્વરૂપે સાંઈબાબાના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મોડાસાના બાલકનાથજી મંદિરમાં શ્રાવણ માસમાં રાષ્ટ્રધ્વજના હિંડોળા ભરવામાં આવતા અને રાષ્ટ્રધ્વજના રંગના ગુબ્બારાથી શણગાર કરવામાં આવતા લોકો મોટી સંખ્યામાં રાષ્ટ્રધ્વજના હિંડોળાના દર્શનાર્થે ઉમટ્યા હતા.



